# સ્ત્રીરોગ અને હોમીયોપથી

હોમીયોપેથીક સારવાર પદ્ધતિ સ્ત્રીઓની તકલીફોમાં બહુ સારા પરીણામ આપે છે. ઘણી બધી સ્ત્રીઓની તકલીફોમાં ક્યાં તો Antibiotic અથવા hormone ની ગોળી અથવા Surgery કરાવવી પડે છે અને ઘણીવાર તો આ કરવાથી પણ રાહત નથી મળતી અને બહેનોએ લાંબો સમય સહન કર્યા કરવું પડે છે.

સામાન્ય જોવા મળતા સ્ત્રીરોગોની યાદી બનાવીએ તો નીચે મુજબનું List તૈયાર થાય:

નબળાઈ (Leucorrhoea, લ્યુકોરીયા, Vaginal discharge), Menstrual Cramps (Dysmeneorrhoea) માસીક વખતે થતો દુખાવો, માસીકની તકલીફો - માસીક નહીં આવવું (Amenorrhea, એમેનોરીયા), માસીક વધારે પ્રમાણમાં આવવું (Menorrhagia, મેનોરેજીયા), માસીક તારીખની વચ્ચે આવવું (Metrorrhagia, મેટ્રોરેજીયા), Endometriosis, વગેરે.

POCD (Pelvic ovarian Cyst Disease) / PCOS (Poly Cystic Ovary Syndrome)

Hormene ની અનિયમીતતા (irregularities)

Infertility / sterility - ગર્ભ નહી રહેવો Cervical erosion ગર્ભાશયના મોઢા ઉપર ચાંદુ પડવું; Sexual desire decreased or increased શારીરિક સંબંધની ઈચ્છા ઓછી રહેવી અથવા ઘણી વારે રહેવી. Pregnancy Problems ઉબકા (Nausea), ઉલટી (Vomiting), Morning sickness, Infection, Piles / hemorrhoids, સોજા, માનસીક તકલીફ - ઉદાસી, Depression, ચીડીયાપણું, Delivery પછી દૂધ નહીં આવવું, Genital warts, Obesity, માસીક બંધ થવું (Menopause), વગેરે, વગેરે.

ઉપર જણાવેલ બધી જ તથા એ સીવાયની ઘણી બધી સ્ત્રીરોગની તકલીફોમાં હોમીયોપેથીક સારવાર ઘણી સારી અસર આપે છે.

**તો ચાલો આપણે સમજવાનો પ્રયત્ન કરીએ આ તકલીફો વિશે અને એમાં હોમીયોપથી કેવી રીતે મદદ કરી શકશો.**

Menstrual Cramps (Dysmenorrhoea) માસીક પહેલા અને તે વખતે થતું દર્દ: આ તકલીફ સામાન્ય રીતે નાની વયની છોકરીઓમાં જોવા મળે છે જેમને માસીક (Menses) શરૂ થયું છે અને અમુક ઉંમરની સ્ત્રીઓમાં પણ જોવા મળે છે. આ દુખાવો જેમ ઉંમર વધે તેમ ઓછો થતો જાય છે અથવા પહેલી પ્રસૂતિ (Delivery) પછી બંધ થાય છે.

લક્ષણો :- ધીમો, હલકો પેટના પેઢામાં દુખાવો જે માસીકના ચારથી પાંચ દિવસ પહેલાં શરૂ થાય; દુખાવાનું પ્રમાણ અમુક દર્દીઓમાં એટલું બધું વધારે અને અસહ્ય હોય કે રડી પડાય, પથારીમાં બેવડવળી, પગના ઘૂંટણને પેટમાં દબાવી પડી રહેવું પડે અને કાંઈપણ કામકરવાનું મન નહીં થાય. દુખાવો પેટના નીચેના ભાગથી ઘણીવાર કમર સુધી અથવા પગમાં જાંઘ (Thigh) સુધી અનુભવાય છે. દુખવા સાથે - ઉબકા, ઉલટી, ઝાડા, પરસેવો, ચક્કર પણ થાય છે. ઘણીવાર સ્વભાવમાં પણ ફેરફાર થાય છે. દા.ત., રડું આવવું, Depression જેવું લાગવું, ગુસ્સો આવવો, ચીડીયાપણું રહેવું વગેરે. લક્ષણોની તીવ્રતા અને પ્રમાણ દરેક વ્યક્તિમાં વધતા ઓછા પ્રમાણમાં જોવા મળે છે. મેં જોયું છે કે ઘણી છોકરીઓ જેમ માસીકની તારીખ પાસે આવે તેમ એમને બીક અને ગભરાટ થવા માંડે છે કે હવે દુખાવો થશે.

કારણ - માસીક પહેલા ગર્ભાશય (Uterus)ની અંદર lining છુટી પડે છે અને ગર્ભાશય સંકોચાય છે એને માસીકના રૂપમાં બહાર કાઢવા માટે આ પ્રક્રિયામાં દુખાવો થાય છે જેને Menstrual Cramps કહે છે, એટલે આ એક સામાન્ય કારણ છે. આ તકલીફ વારસાગત જોવા મળે છે. અમુક સ્ત્રીઓમાં Menstrual Cramps બીજા સ્ત્રી રોગોની સાથે લક્ષણરૂપે જોવા મળે છે. દા.ત. Endometriosis, Uterine Fibroid, Adenomyosis, Pelvic inflammatory disease (PID), વગેરે નિદાન થાય છે Medical History અને શારીરિક તપાસ કરવાથી કોઈકવાર - hysteroscopy, Ultrasound, CTScan, MRI નો ઉપયોગ કરવો પડે છે.

સારવાર - Allopathy અથવા Modern medicineમાં Menstrual Crampsની સારવાર Pain killer દવાઓથી કરવામાં આવે છે. દા.ત. Advil, Motrin, Aleve, Ponstel વગેરે. કોઈક વાર hormonal birth control pill પણ અપાય છે.

Homeopathy માં Mentral Cramps ની સારવારનો અભીગમદુખાવાને દબાવવાનો નથી હોતો પણ દવાઓથી શરીરને આ નવી ક્રિયાને અનુરૂપ બનાવવાનો હોય છે જેથી શરીર માસીક ધર્મથી સંલગ્ન થઈ જાય અને એની પીડાનું પ્રમાણ નહીંવત કરી નાખે. અમારી પાસે દર્દી આ તકલીફ સાથે એટલે આવે છે. કારણ કે દર વખતે Pain Killer લેવી સારી નથી હોતી અને દવાઓથી લીવર, કીડની, બોનમેરો વગેરેને નુકશાન થાય છે અને પાછું કાયમ માટે સારું નથી થતું. હોમીયોપથીમાં શારીરિક લક્ષણો, માનસીક લક્ષણોને ધ્યાનમાં રાખી, દર્દીની પ્રકૃતિને અનુરૂપ દવા અપાય છે જે માસીક વખતના દુખાવાને કાયમમાટે મટાડવા મદદરૂપ થાય છે.

Menstrual Cramps ના બીજા કારણો જેવા કે - Endometriosis, Uterine fibroid, Pelvic inflammatory disease વગેરેમાં પણ હોમીયોપેથીક દવા કરવાથી રાહત મળે છે.

માસીકના દુખાવાથી ગભરાઓ નહીં, એને પુરા હોંશ સાથે સહન કરવો; દુખાવો થતો હોય ત્યાં ગરમ શેક કરવો; પાણી-પ્રવાહી વધું લેવું; હોમીયોપેથીક દવા લો અને તંદુરસ્ત રહો.



Homoeopathic Practitioners
**Akshay Banker**
M.D.[Homeopathy]
**Faculty -** Ontario College of Homeopathic Medicine
Ex Principal, Professor [India]
**Nina Banker** MD (Homeopathy)
Ex Professor [Surat, India]
**Mobile #:** 647 868 4340
**Mobile #:** 647 773 3074
Email : homeopathakshay@gmail.com
**Mississauga Clinic:** 93, Dundas St. E. Suite # 107, Mississauga, ON. L5A 1W7.
[Hurontario + Dundas]
[Monday, Thursday, Friday - 10 to 5]
**Brampton Clinic:** 134 Queen St. E., Brampton, ON. L6V 1B2.
[Queen and Centre Street]
[Tuesday, Saturday 10 to 5]
**Scarborough Clinic:** 2761, Markham road, Aum Beauty Clinic, ON. M1X 1M4
[Markham road + Nashdene]
[Wednesday 4 pm to 7 pm]

## બોલીવુડમાં બાયોપિક ફિલ્મોની પરંપરામાં હવે સ્પેસ-અવકાશી ફિલ્મો રજૂ થવાની શરૂ થશે

બોલીવૂડમાં જેમબાયોપિકનો જમાનો છે, ત્યારે હવે એક નવો ટ્રેન્ડ પણ શરૂ થયો છે. હવે સ્પેસ પર ફિલ્મો બનાવવાનો વાયરો વાઇ રહ્યો છે. અગાઉ રિતિક રોશન સ્ટારર 'કોઇ મિલ ગયા' ફિલ્મ આવી હતી, પણ તે સંપૂર્ણપણે સ્પેસ પર ન હતી, પણ સ્પેસમાંથી એટલે કોઇ બીજા ગ્રહ પરથી આવેલા એલિયન પર હતી, પણ ભારત અને અનેક દેશોમાં ગ્રહો પરના સંશોધન અને સ્પેસમાં જવાની જે હોડ લાગી છે, તે જોઇને હવે બોલીવૂડે પણ સ્પેસ પર ફિલ્મો બનાવવાની શરૂ કરી દીધી છે. તે મુજબ 'ચંદા મામા દૂર કે' ફિલ્મબની રહી છે, તે ભારતની પ્રથમ સ્પેસ ફિલ્મ છે. ફિલ્મ બનવાની શરૂ થઇ ગઇ છે, પણ બજેટની સમસ્યા થતા તે અત્યારે અટકી ગઇ છે. હવે એવી ખબર છે કે અક્ષય કુમાર પણ સ્પેસ પર ફિલ્મ બનાવવા જઇ રહ્યો છે, જે ભારતની પ્રથમ સ્પેસ ફિલ્મ બનશે. તેનું નિર્માણ આર. બાલ્કી, એક જાણીતું પ્રોડક્શન હાઉસ અને અક્ષયકુમાર કરશે. આ ફિલ્મમાં અક્ષય કુમાર, વિદ્યા બાલન અને નિમરત કૌર મુખ્ય ભૂમિકામાં હશે, વધુ બે અભિનેત્રીઓ લેવાશે. અવકાશયાત્રી પર બનનારી આ પ્રથમ ફિલ્મમાં મંગળ ગ્રહ પર પસંદ કરાયેલા લોકોને મોકલવાની વાત છે. ફિલ્મનું નામ હજુ નક્કી નથી કરાયું. તેનું દિગ્દર્શન જગન શક્તિ કરશે,. જેમણે અગાઉ 'પેડમેન', 'હોલિડે' અને 'અકિરા' જેવી ફિલ્મોમાં સહાયક દિગ્દર્શક તરીકે કામ કર્યું હતું. અક્ષયકુમાર આ ફિલ્મમાં કો-પ્રોડ્યુસર છે.

